## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

બહેનો તમે કોઈ શંકા વગર મારી પાસે આવતી રહેજો... બધાં જ લફંગા, બળાત્કારી બાબાઓ જેલભેગા થઈ ગયા છે...

ગણેશ ઉત્સવમાં ડાયરો : સાર્વજનિક ગણેશ ઉત્સવ સેક્ટર-૨૨ ખાતે ગણેશ ઉત્સવની ઉજવણીના ભાગરૂપે રવિવારે રાત્રે જાણીતા કલાકાર માયાભાઈ આહીરનો ડાયરો યોજાયો હતો. માયાભાઈની માર્મિક વાતો સાંભળવા નાગરિકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. માયાભાઈ સામાજિક, ધાર્મિકની સાથોસાથ રાજકીય વ્યંગ પણ ખૂબ જ અસરકારક રીતે વ્યક્ત કરે છે. તેમની ગંભીર અને હાસ્યની વાતો ડાયરાના મંચ ઉપરથી રજૂ થાય ત્યારે સામાન્ય શ્રોતા પણ ડોલી ઉઠે છે. ઉપસ્થિત શ્રોતા - સમુદાય માયાભાઈની માર્મિક વાણીને મનભરીને માણી હતી.

# પેથાપુર કસ્બામાં ચાલતા જુગારધામનો પર્દાફાશ : ૧૪ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર નજીક આવેલ પેથાપુર ગામના કસ્બા વિસ્તારમાં ચાલતા જુગારધામ પર એલસીબી પોલીસે દરોડો પાડીને જુગાર રમતા ૧૪ જુગારીયાઓને ઝડપી પાડી રોકડ સહિત કુલ ૧.૯૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત માહિતી મુજબ એલસીબી પોલીસ મથકના પીએસઆઈ કૃણાલ પટેલ, એએસઆઈ હજારીસિંહ ધીસાસિંહ, તથા ટીમ પેથાપુર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પો.કો. મહિપાલસિંહ પ્રવિણસિંહને બાતમી મળી હતી કે પેથાપુર કસ્બામાં રહેતા મુસ્તુફાખાન ઉર્ફે અહેમદજી બાબુખાન પઠાણ ના મકાનમાં કેટલાક માણસો ભેગા કરીને જુગાર રમાડાતો હતો. આ બાતમીના આધારે પોલીસે રેઈડ કરી મુસ્તુફાખાન સહિત કુલ ૧૪ જુગારીયાઓને જુગાર રમતા રંગેહાથ ઝડપી લીધા હતા. આ જુગારીયાઓ પાસેથી પોલીસે રોકડ રૂ. ૧૮૯૬૦ તથા મોબાઈલ નંગ ૧૪, આઈટેન કાર નં- જીજે૦૬ડીક્યુ-૨૭૨૮ મળીને કુલ રૂ.૧૯૬૪૬૦નો મુદામાલ કબ્જે કરી જુગારધારા મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.

### જુગાર રમતા પકડાયેલા આરોપીઓ

૧. અસરફખાન કાસમખાન પઠાણ રહે. ઈડર મદની સોસાયટી,
૨. ઈકબાલ મુરાદ મલેક રહે. સે-૩૦ દરગાહ સામેની ઓરડી
૩. બશીરમિયા યુસુફમિયા રાઠોડ રહે. પેથાપુર કસ્બા
૪. મોઈન કાલુમીયા સૈયદ રહે.મોટા કસ્બા ઈડર
૫. રઝાક યુસુફ ચુનારા રહે. ચુનારવાડા ઈડર
૬. પ્રદિપ ભીખા ત્રિવેદી રહે. માલવીચોક ઉનાવા
૭. જશવંત કાલુ મકવાણા રહે. ઠાકોરવાસ રૂપાલ
૮. સઈદ યુસુફ પઠાણ રહે. કસ્બા પેથાપુર
૯. અશ્વિન શીવા ગોલ રહે. સે-૨૧ ગાંધીનગર મુળ રહે. વાવોલ
૧૦. ધર્મેન્દ્ર બાબુ નાયક રહે. કાકાનો માઢ કોલવડા
૧૧. હિમાંશુ ડાહ્યા પરમાર રહે. વડાલી
૧૨. ઈમ્તિયાઝ રહીમ પઠાણ રહે. કસ્બા પેથાપુર
૧૩. જીગર કોદર જોશી રહે, શિહોલી ગામ મોટા ચિલોડા
૧૪. મુસ્તુફાખાન ઉર્ફે અહેમદ બાબુ પઠાણ રહે. કસ્બા પેથાપુર

ગાંધીનગરમાં રક્તદાન જેવા સદ્કાર્ય પ્રત્યે જાગૃતિ વધતી જાય છે અને વધુને વધુ સંસ્થાઓ તથા નાગરિકો આ સદ્કાર્યમાં જોડાઈ રહ્યાં છે. રવિવારે શહેરના સેક્ટર-૨૧માં મહારાષ્ટ્ર ભવન ખાતે આયોજિત રક્તદાન શિબિરમાં મેયર સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. જેને કારણે આ કાર્ય વેગવંતુ બનવા પામ્યું હતું.

# સિવિલ હોસ્પિટલના ઓડીટોરીયમમાંથી યુવતિના પર્સમાંથી બે લાખની ચોરી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરની હોસ્પિટલના ઓડીટોરીયમ હોલ ખાતે મેનેજમેન્ટ કવોટાની અને એમબીબીએસની ખાલી પડેલી સીટ માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. જેને પગલે આજે રાજયભરમાંથી મેડીકલના વિદ્યાર્થીઓ ગાંધીનગર આવી પહોંચ્યા હતા. એડમીશન ફાઈનલ થતા જ રૂપીયા ભરવાના હોવાથી દરેક વિદ્યાર્થીના વાલીઓ પાસે રોકડ રૂપીયા હતા. સિવિલ સંકુલ ખાતે વિદ્યાર્થીઓની સંખ્યા આજે વિશેષ જોવા મળી હતી. જો કે આ દરમિયાન ગાંધીનગર શહેરના સેકટર-૨૬ કિસાન નગર પ્લોટ નં-૮૩-૨ ખાતે રહેતા હરેશકુમાર પટેલની દિકરીને પણ એડમીશન લેવાનું હોવાથી ઓડીટોરીયમ હોલ ખાતે આવી હતી. અને તેણીની પાસે પણ રોકડ રૂપીયા પાકીટમાં હતા.હરેશકુમાર પટેલ પાલનપુર ખાતે શિક્ષક તરીકે ફરજ બજાવે છે. પ્રાપ્ત માહિતી મુજબ અંજલિ સવારે ૧૦.૧૫ કલાકના અરસામાં ઓડીટોરીયમના બીજે માળ જ્યાં પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી હતી તે સ્થળ પર જવા માટે સીડીથી ઉપર જઈ રહી હતી તે દરમિયાન વાલીઓ અને વિદ્યાર્થીઓની ભીડ સીડીમાં જોરદાર હતી. ધક્કામુક્કીના વાતાવરણમાં અંજલિના પાસે રહેલા ફી ભરવાના રૂ.૨ લાખ તે સમયે પાકીટ રાખેલી પ્લાસ્ટીકની થેલીમાંથી કોઈ વ્યકિત ચોરી કરી પલાયન થઈ ગયું હતું. થોડીવારમાં અંજલિને રૂપીયાની ચોરી થવાની જાણ થતા તેના માથે આભ ફાટી પડ્યું હતું. ચોરી થયાની ઘટનાની જાણ સમગ્ર સંકુલમાં થતા હોહા મચી જવા પામી હતી. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આજે જિલ્લા કક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

નેશનલ ફાઉન્ડેશન ઓન સાયન્સ મ્યુઝિયમ રાષ્ટ્રભરમાં વિજ્ઞાન સંબંધી કાર્યક્રમોનું આયોજન કરે છે તથા દર વર્ષે નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ ઉજવે છે. આ વર્ષે પણ ગાંધીનગરમાં વિદ્યાર્થીઓની વૈજ્ઞાનિક ક્ષમતાઓને નાટકના માધ્યમથી બહાર લાવવાના પ્રયાસરૂપે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જિલ્લાકક્ષાના સાયન્સ ડ્રામા ફેસ્ટિવલનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ તા. ૨૯મી ઓગષ્ટ, મંગળવારે સવારે ૮.૩૦ કલાકે સેક્ટર-૨૩માં કડી સર્વ વિદ્યાલય કેમ્પસના બ્રહ્માણી કૃપા હોલ ખાતે યોજાશે.

નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ-૨૦૧૭ની આ વર્ષની થીમ 'સાયન્સ એન્ડ સોસાયટી' છે જે અંતર્ગત સ્વચ્છ ભારત : રોલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ક્લીન્ઝીંગ ઓફ રીવર્સ, ડિઝીટલ ઈન્ડિયા અને ગ્રીન એનર્જી જેવા વિષયો આધારિત નાટ્ય સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધામાં ગાંધીનગરની જુદી જુદી ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ નાટક રજૂ કરી વૈજ્ઞાનિક જાગૃતિનો સંદેશ પાઠવશે. આ સ્પર્ધામાં વિજેતા નાટકની રાજ્યકક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવાની તક સાંપડશે. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્રો એનાયત કરાશે.

### બ્રહ્મ શક્તિ મહારેલી મહેસાણા ખાતે યોજાઈ

આજે મહેસાણા ખાતે ભુદેવોની રેલી વિશાળ સંખ્યામાં યોજાઈ હતી. જેમાં રાજ્યભરમાંથી બ્રહ્મસમાજના આગેવાનોએ ઉત્સાહભેર આ રેલીમાં ભાગ લીધો હતો. ત્યારે બરોડા અને ગાંધીનગરના બ્રહ્મ અગ્રણી શૈલેષભાઈ સોટ્ટા, પુરૂષોત્તમભાઈ શર્મા, યજ્ઞેશભાઈ દવે, કમલેશભાઈ વ્યાસ, પૃથ્વી ભટ્ટ, દિવ્ય ત્રિવેદી, પિયુષ વ્યાસ, રાજુ ઉપાધ્યાય, યશવંત વ્યાસ, જીગર ત્રિવેદી, બ્રિજેન ત્રિવેદી વગેરેની આગેવાનીમાં હર હર મહેદાવ અને જય પરશુરામના નારા સાથે મહેસાણાના ૧૯ કિલોમીટર જેટલા માર્ગમાં ૩૦૦૦થી વધુ ભુદેવો પોતાની ગાડીઓ અને બાઈકો સાથે રેલીમાં જોડાયા હતા.

## શહેરમાંથી દારુ પીધેલો નબીરો ઝડપાયો

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથકના વિસ્તારમાં પોલીજ કર્મચારી રવિકુમાર બાબુભાઈ રાત્રીના સમયે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન કાર નં-જીજે૧૮બીજી-૯૩૧૯ને ઉભી રખાવી તપાસ કરતા કારમાં હાજર ચાલક ઉમંગ રમેશભાઈ પટેલ રહે. સે-૧૯ પ્લોટનં- ૧૧૯, દારુ પીધેલી હાલતમાં માલુમ પડતા તેની વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જયારે બીજીતરફ સે-૩૦ ખાતે રહેતો કારનો ડ્રાઈવર મનોહરસિંહ પણ દારુ પીધેલો હોવાનું પોલીસ તપાસમાં સામે આવતા તેની સામે પણ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભાજપના સેવા કેન્દ્ર ખાતે રાજ્યના મંત્રી શ્રી ગણપતભાઈ વસાવા અને શ્રી શબ્દશરણ ભાઈ તળવી સૌ આગેવાનો અને કાર્યકર્તા ઓ સાથે ભાજપ અંબાજી પગપાળા સેવા કેન્દ્ર ઉપર આરતીની લાભ લઈ અને સૌ કાર્યકર્તા ઓને અભિનંદન પાઠવ્યા હતા.

## પેથાપુર ખાતે સ્વપંચ ઋષિની ૨ ૩મી શોભાયાત્રા યોજાઈ

પેથાપુર ખાતે સ્વપંચ ઋષિની ૨ ૩મી શોભાયાત્રા યોજાઈ હતી. ઋષિપંચનીના પાવન પ્રસંગે યોજાયેલી આ શોભા યાત્રાને સાર્વત્રિક આવકાર પ્રાપ્ત થયો હતો. શોભાયાત્રાના પ્રારંભે ગાંધીનગર જિલ્લા વાલ્મિકી વિકાસ મંડળ પેથાપુર સમિતિના સભ્યો દ્વારા પ્રસંગોચિત પ્રવચનો યોજાયા હતા. શોભાયાત્રાએ પેથાપુરના માર્ગો પર ભ્રમણ કર્યું હતું. જ્યાં ઠેર ઠેર તેનું સ્વાગત કરાયું હતું. નગરયાત્રા દરમ્યાન મોટા બજાર ખાતે નટુભાઈ દરજી પરિવાર તરફથી પાણી અને શરબતની વ્યવસ્થા કરાઈ હતી. ત્યારબાદ જુની ટાંકી પાસે નીલકંઠ વીલાના વસાહતીઓ, વેપારીઓ તથા શામળભાઈ દવે પરિવાર તરફથી પણ શરબતની વ્યવસ્થા કરાઈ હતી.

# કોબા ગામે પશુ દવાખાનાનું ભૂમિ પૂજન કરાયું

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર તાલુકાના કોબા ગામે આજે પશુ દવાખાનાનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ ભૂમિપૂજન ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય અને વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ અને કોબાના સરપંચ યોગેશભાઈ નાયીના હસ્તે કરવામાં આવ્યું હતું.

કોબા ગામે વર્ષોથી જેની રાહ જોવાઈ રહેલ તે પશુ દવાખાનાનું ભૂમિ પૂજન હાથ ધરાતા ગ્રામજનોમાં હર્ષની લાગણી ફેલાવા પામી છે. જે જગ્યા પર પશુ દવાખાનું આકાર લેશે તે જમીનને ૧૯૫૩માં જ સ્વ. મેનાબેન બ્રહ્મભટ્ટ દ્વારા ગામને દાનમાં અપાઈ હતી. જેમનું દાન એળે ના જાય તે માટે અહીં પશુ દવાખાનું બાંધવાનો નિર્ણય લેવાયો છે. પશુ દવાખાનાના નિર્માણ માટે ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા રૂ. ૧૪ લાખની ગ્રાન્ટ મંજૂર કરાઈ છે. પશુ દવાખાનાના નિર્માણ કાર્ય માટે કાર્યપાલક ઈજનેર તથા મદદ નિયામકનો સિંહફાળો રહેલો છે. આ તબક્કે જિલ્લા વિકાસ અધિકારીએ પશુપાલન વિભાગ તથા તેના કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમમાં ગામના પૂર્વ સરપંચો, અગ્રણીઓ તથા ગ્રામ પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન તલાટી કમ મંત્રી રમેશભાઈ પટેલે કર્યું હતું તથા વેટરનરી ઓફિસર નીતાબેન રાવલે આભારદર્શન વ્યકત કર્યું હતું.

## સિવિલ કમ્પાઉન્ડમાં રામદેવપીરના નેજા ચઢાવવાનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૮

સેકટર-૧૨ સિવિલ કમ્પાઉડમાં રામદેપીર મહારાજને નેજા (નિશાન) તથા સંતવાણી કાર્યક્રમ તા. ૨૯ને ૩૦મી ઓગસ્ટના રોજ યોજવામાં આવેલ છે.

વિક્રમસિંહ ગોલ (વાવોલ)ના હસ્તે છેલ્લા ૪૦ વર્ષથી નેજા ચઢાવવામાં આવે છે તે પ્રમાણે ચાલુ વર્ષે તા. ૩૦મી ઓગસ્ટે સવારે નેજા ચઢાવાશે.

આરતીના દાતા ડૉ. અનિલકુમાર રાવળ, શિખરના દાતા ગોવિંદભાઈ મકવાણા સે-૪, ડી.જે. સાઉન્ડના દાતા, ઈંટો-સિમેન્ટના દાતાઓ, ભોજનના દાતાઓ વગેરે તથા રોકડ દાન આ સંતવાણી તથા ધાર્મિક કાર્યક્રમની સફળતાના સુકાનીઓ છે.

પરમ પૂજય કેશબાપુ મોટી શિહોલીવાળા, પ.પૂ. મહંત ધનજીગીરીબાપુ, પી.એલ.દાસ બાપુ, પૂ. મહંત બાલકદાસ ગીરનારી વગેરે મહાનુભાવો આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિનોદભાઈ ચુનીલાલ દ્વારા થશે.

# સે-૨૨ સાર્વજનિક ગણેશોત્સવમાં 'બેસ્ટ સિંગર ઓફ ધ સીટી' સ્પર્ધાનું પરિણામ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં પરંપરાગત રીતે ઉજવાતા ગણેશોત્સવમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની લોકપ્રિયતા ખૂબ રહે છે. સે-૨૨ ખાતે આયોજિત સાર્વજનિક ગણેશોત્સવમાં બીજા દિવસે નહેરુ યુવા કેન્દ્રના સૌજન્યથી 'બેસ્ટ સિંગર ઓફ ધ સીટી' સ્પર્ધા યોજવામાં આવી હતી. જેને દર્શકોએ ભરપૂર માણી હતી.

બેસ્ટ સિંગર ઓફ ધ સીટી સ્પર્ધા કુલ ત્રણ વયજુથમાં યોજાઈ હતી. જેમાં ૬ થી ૧૫ વર્ષ, ૧૬ થી ૪૦ વર્ષ અને ૪૧થી વધુ એમ ત્રણ જુથનો સમાવેશ કરાયો હતો. ત્રણેય જુથમાં પ્રથમ ત્રણ વિજેતા સ્પર્ધકોને ઈનામથી નવાજવામાં આવ્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સુરેશ રત્નોકર, પિનાકિન વ્યાસ તથા સૌરભ પટેલે સેવાઓ આપી હતી અને સંસ્થાના અધ્યક્ષ નિશિત વ્યાસ દ્વારા તમામ સ્પર્ધકોને મોમેન્ટો અપાયા હતા. આ સ્પર્ધાના કન્વીનર તરીકે રજનીકાંત સુથાર, ડૉ. ચેતના બુચ, આશાબેન સરવૈયા તથા શૈલેશભાઈ પવારે સેવાઓ આપી હતી તથા રાકેશ જાની, મુકેશ મારુ, અશ્વિન સુહીન અને મિતુલ જોષીએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

બેસ્ટ સિંગર ઓફ ધ સીટીના વિજેતાઓમાં ૬ થી ૧૫ વય જુથમાં પ્રથમ અમિષા સોલંકી, અગ્રીમા પંડયા દ્વિતિય તથા મૌર્વી વોરા તૃતીય ક્રમે રહ્યા હતા. ૧૬ થી ૪૦ વર્ષના જૂથમાં પ્રથમ હેમાંગ દવે, દ્વિતિય વીના પ્રજાપતિ અને તૃતીય ક્રમે કિંજલ શાહ રહ્યા હતા. જયારે ૪૧ વર્ષથી વધુ વય જુથમાં કિરીટકુમાર અગ્રાવત પ્રથમ, કેયુર વોરા દ્વિતિય અને ઉપેન્દ્ર મહેતા તૃતીય ક્રમે વિજેતા રહ્યા હતા.